

## વિધાનસભામાં ગાંધીનગર -

# આર ટી ઓ એ એક વર્ષમાં નવા ૧૪૧૪૧ લાયસન્સ ઈસ્યુ કર્યા

ગાંધીનગર આર ટી ઓ કચેરીએ છેલ્લા એક વર્ષમાં નવા ૧૪૧૪૧ નવા ડ્રાઈવીંગ લાયસન્સ નોંધવામાં આવ્યા છે. ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે રજુ કરેલા પ્રશ્નના જવાબમાં સંબંધિત વિભાગના મંત્રીએ આપેલા જવાબમાં જણાંવાયા મુજબ આ દરમિયાન લાયસન્સ પેટે આર ટી ઓને રૂ ૩,૪૮ કરોડની આવક થઈ છે.

- **આર ટી ઓ કચેરીના મંજુર મહેકમ સામે ૧૨ જગ્યા ખાલી**

જિલ્લામાં આર ટી ઓ કચેરીનુ સંવર્ગવાર મંજુર મહેકમ ૪૫ નુ છે. જેમાં એક સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, ૪ મોટર વાહન નિરિક્ષક,,૯ સહાયક મોટર વાહન નિરિક્ષક, જનસંપર્ક અધિકારી,૨ હેડ કલાર્ક, ૬ સિનિયર કલાર્ક, ૧૬ જુનિયર કલાર્ક ઉપરાંત એક આંકડા મદદનીશ, ૧ ડ્રાયવર અને ૪ પટવાળાનો સમાવેશ થાય છે. બાપુનગરના ધારાસભ્યએ આ અંગે રજુ કરેલા પેટા પ્રશ્નના ઉત્તરમાં વાહન વ્યવહાર મંત્રીએ આપેલા જવાબમાં જણાંવાયા મુજબ આર ટી ઓ કચેરીના મંજુર મહેકમ સામે ૧૨ જગ્યાઓ ખાલી છે. જેમાં ૨ સહાયક મોટર વાહન નિરિક્ષક,૫ સિનિયર કલાર્ક,૪ જુનિયર કલાર્ક તેમજ એક પટાવાળાની જગ્યા ખાલી છે. જયારે આ ખાલી જગ્યાઓ આગામી દિવસોમાં ભરાઈ જશે.

- **બે વર્ષમાં મનરેગા યોજના અન્વયે લાભાર્થીઓને ૩૩.૮૪ લાખ ચુકવાયા**

ગાંધીનગર જિલ્લામાં મનરેગા યોજના અન્વયે કેટલા નાંણાની ફાળવણી કરવામાં આવી માણસાના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીએ જવાબ રજુ કર્યો હતો કે આ યોજના હેઠળ કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી. પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં જ સીધી જ એફ ટી ઓ દ્વારા રકમ જમા થઈ જાય છે. રોજગારી માટે વેતનદર રૂ ૧૯૯ નિયત કરાયો છે. જયારે છેલ્લા બે વર્ષમાં ૮૪૯૩૧૮ માનવદિન રોજગારી ઉભી થઈ છે. જયારે આ અન્વયે ૩૩.૮૪ લાખ સીધા જ લાભાર્થીના ખાતામાં જમા થયા છે.

- **પાકના રક્ષણ માટે ૧૯ ખેડુતોને સહાય ચુકવવાની બાકી**

જંગલી જાનવરોના ત્રાસથી પાકને રક્ષણ આપવા માટે તારની વાડ બનાવવા અનુસુચિત જાતિ જનજાતિના ખેડુતોએ ઓછામાં ઓછી ૫ હેકટરના બ્લોકમાં તારની વાડ બનાવવા સહાય આપવામાં આવે છે. જયારે સામાન્ય વર્ગના ખેડુતોને ૧૦ હેકટરનો વિસ્તાર ધ્યાને લઈ સહાય ચુકવાય છે. જયારે વર્ષ ૨૦૧૯-૨૦ માં ૧૯ ખેડુતોની અરજી સંદર્ભે રૂ ૧૧.૧૯ લાખની સહાય ચુકવવાની બાકી હોવાનુ પણ કૃષિ મંત્રીએ જવાબમાં જણાંવ્યુ છે.

- **જંતુનાશક દવાના ૫ બિન પ્રમાણિત નમુના સંદર્ભે કોર્ટ કેસ**

જિલ્લામાં જંતુનાશક દવાના કેટલા નમુના લેવાયા તેમજ બિનપ્રમાણિત નમુના માલુમ પડયા હોય તેવા કિસ્સામાં શુ પગલા લેવાયા માણસાના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે કૃષિમંત્રીએ લેખિત જવાબમાં જણાવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૨૫માં ધોળેદિવસે અપહરણ

**કેબલ ચેનલના વ્યવસાય સાથે સંકળાયેલ ધર્મેન્દ્રસિંહ રાઓલનું ઘરના આંગણા પાસેથી વહેલી સવારે અપહરણ : પાંચ કલાક બાદ છુટકારો : ઈજાગ્રસ્ત ધર્મેન્દ્રસિંહ સિવિલમાં દાખલ : મંત્રી પુત્રની સંડોવણીનો ફરિયાદમાં આક્ષેપ : બંગલા જેવા સ્થળે મારી પાસેથી લખાણ કરાવી લીધાનો આક્ષેપ**





ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ સ્થિત સૂર્ય નારાયણ સોસાયટી ખાતે સવારના સુમારે ઘર આગળથી એક વ્યકિતના અપહરણની ઘટના સામે આવી છે. કેબલના વેપાર સાથે સંકળાયેલા નાગરીકનું ઘર પાસેથી બંદુક અને છરીની અણીએ અપહરણ કરાયું હતું. ઘટનાને લઈ બુમાબુમ થતા આસપાસના રહીશો અને પરિવારના સભ્યો બચાવવા માટે દોડી આવ્યા હતા. પરંતુ ગણતરીની મિનીટોમાં અપહરણ કરીને અપહરણકર્તાઓ ગાડી લઈને ગાયબ થઈ ગયા હતા. સે-૨૫ માં અપહરણની ઘટનાને લઈ સ્થાનિક નાગરીકોમાં પણ ડરનો માહોલ જોવા મળ્યો હતો. જયારે અપહરણ કરાયેલા નાગરીકને પાંચ કલાક બાદ અપહરણકર્તાઓ ઘર પાસે જ ઉતારીને જતા રહ્યા હતા. ત્યારે અપહરણનો ભોગ બનેલા વ્યકિતએ અપહરણ પાછળ મંત્રી પુરષોતમભાઈ સોલંકીના પુત્રનો હાથ હોવાનો આક્ષેપ કર્યો છે. જે કારમાં નાગરીકનું અપહરણ થયું હતુ તે એસપીજીના ઉપપ્રમુખ ગૌરાંગ પટેલના નામે બોલે છે. પરંતુ તેમણે કાર એક વર્ષ પહેલા વેચી દીધી હતી. જયારે ગાડીના બે ત્રણ માલિકો બદલાઈ ગયા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જયારે ઈજા પહોંચી હોવાથી ધર્મેન્દ્રસિંહ હાલ ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ છે.

બનાવની પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેકટર-૨૫ સૂર્યનારાયણ સોસાયટી પ્લોટ નં.૧૮-૨ ખાતે રહેતા ધર્મેન્દ્રસિંહ રામસિંહ રાઓલ ઈન કેબલ એજન્સી ધરાવે છે. બુધવારે સવારે સવારના સુમારે તે ઘર પાસે ઉભા હતા. તે સમયે એક કારમાં સાત જેટલા શખ્સો આવ્યા હતા. જેઓ બળજબરીપૂર્વક ધર્મેન્દ્રસિંહને ગાડીમાં બેસાડીને લઈ ગયા હતા. બનાવને પગલે હોહા થતા ધર્મેન્દ્રસિંહના પિતા-ભાઈ સહિતનો પરિવાર બહાર દોડી આવ્યો હતો. તેઓએ અપહરણકારોનો પ્રતિકાર કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ એક શખ્સ પાસે બંદુક અને છરો હતો. જેનાથી તે બધાને મારી નાંખવાની ધમકી આપી રહ્યો હતો. આ સમગ્ર બનાવ ધર્મેન્દ્રસિંહના મકાનની બહાર લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. જયારે અપહરણકર્તાઓ બપોરના સુમારે ધર્મેન્દ્રસિંહને ઘર પાસે જ ઉતારીને જતા રહ્યા હતા. ઈજા પહોંચી હોવાથી ધર્મેન્દ્રસિંહ હાલ ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ છે. આ બનાવમાં ભાવિકાબોન ધર્મેન્દ્રસિંહ રાઓલની ફરીયાદના પગલે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે. ત્યારે સારવાર હેઠળ રહેલા ધર્મેન્દ્રસિંહે આક્ષેપ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાનાં ૫૧૫૭૦ વિદ્યાર્થીઓ આજથી બોર્ડની પરીક્ષા આપશે

**જિલ્લાના ૧૬૦ પરીક્ષા સ્થળો પર સી સી કેમેરાની વોચ વચ્ચે ૧૮૨૯ બ્લોકમાં પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા : વર્ગ-૧ અને ૨ ના ૩૦ અધિકારીઓ પણ પરીક્ષા સ્થળ પર રાઉન્ડ લેશે : સે-૨૩ સ્થિત કડી કેમ્પસની શેઠ સી એમ હાઇસ્કુલમાં શિક્ષણ મંત્રી સવારે ૯ કલાકે વિદ્યાર્થીઓને ગુલાબનુ ફુલ આપી શુભેચ્છા પાઠવી પરીક્ષાનો પ્રારંભ કરાવશે**

ગાંધીનગર તા ૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી બોર્ડ પરીક્ષા લેવાશે. જિલ્લામાંથી કુલ ૫૧૫૧૦ વિદ્યાર્થીઓ ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા આપશે. બોર્ડ પરીક્ષાને અનુલક્ષી ૧૬૦ પરીક્ષા સ્થળ પર ૧૮૨૯ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દરેક પરીક્ષા સ્થળો પર સી સી કેમેરાની વોચ રહેશે. જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે વર્ગ -૧ અને ૨ ના ૩૦ અધિકારીઓ પણ રાઉન્ડ લેશે. સે-૨૩ સ્થિત કડી કેમ્પસની શેઠ સી એમ હાઈસ્કુલમાં આજે શિક્ષણમંત્રી સવારે ૯ કલાકે વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી પરીક્ષાનો પ્રારંભ કરાવશે. ધો -૧૦ ના વિદ્યાર્થીઓ આજે ગુજરાતી તેમજ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ભૌતિક વિજ્ઞાન વિષયની કસોટી આપશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી ધો-૧૦ અને ૧૨ની

● અનુસંધાન પાન-૭ પર





# મનરેગા હેઠળ લાભાર્થીના ખાતામાં સીધી રકમ જમા

ગાંધીનગર, તા.૪

વડોદરા અને સુરત જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાની ફાળવણી સંદર્ભે વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તર આપતા ગ્રામ વિકાસ મંત્રી બચુ ખાબડે જણાવ્યુ હતુ કે મનરેગા યોજના કેન્દ્ર સરકારની મહત્વપૂર્ણ યોજના છે. ગરીબ શ્રમિકોને રોજગારી આપવા સરકાર હરહંમેશ માટે કટિબદ્ધ છે. ભારત સરકાર દ્વારા મળેલી ગ્રાન્ટ અન્વયે રાજય કક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી પરંતુ અમારી પારદર્શિ સરકાર દ્વારા જિલ્લાવાર લાભાર્થીઓના બેંક ખાતામાં યોજના અંતર્ગત મળતી રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર દ્વારા જમા કરવામાં આવે છે.

મંત્રીએ ઉમેર્યુ કે, વર્ષ ૨૦૧૮માં વડોદરા જિલ્લામાં ૩,૪,૮૪૫ અને સુરત જિલ્લામાં ૧૫,૮૬,૪૨૧ માનવદિનની રોજગારી ઉભી થઈ હતી.

તે ઉપરાંત વર્ષ ૨૦૧૯માં વડોદરા જિલ્લામાં ૨,૦૮,૫૪૭ અને સુરત જિલ્લામાં ૯,૪૪,૯૨૬ માનવદિનની રોજગારી ઉભી થઈ હતી. એટલે કે બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ૫,૧૩,૩૯૨ અને સુરત જિલ્લામાં ૨૫,૩૧,૩૪૭ મળી બે જિલ્લામાં બે વર્ષમાં ૩૦,૪૪,૭૩૯ માનવદિનની રોજગારી ઉભી થઈ હતી.

એક માનવદિનની રોજગારીના દર અંગે પુછાયેલા પૂરક પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીએ ઉમેર્યુ હતુ કે, ૧ એપ્રિલ ૨૦૧૯થી એક માનવદિનની રોજગારીના ૧૯૯ વેતનદર ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા છે.





સેફટી-ડેની ઉજવણી - ગાંધીનગરમાં લેન્ડમાર્કની સાઈટ પર ડેવલોપર્સ - બિલ્ડર્સ દ્વારા સેફટી-ડેની ઉજવણી કરાઈ હતી... શ્રમિકોને તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને સાથોસાથ સલામતિના ફાયદા અને ઉપાયો બાબતે વિસ્તૃત જાણકારી અપાઈ હતી... આ પ્રસંગે જાણીતા બિલ્ડર હસમુખભાઈ પટેલ, અમિતભાઈ પટેલ અને નિસર્ગભાઈ પટેલ સહિત સાઈટ એન્જીનિયરો અને લેબરકોન્ટ્રાકટરો ઉપસ્થિત રહ્યા હતા.

# ટ્રેક્ટર ખરીદીની સહાય પેટે ૨૮૪૩ અરજીઓ મળી

**આ યોજના અંતર્ગત જિલ્લામાં ૬ કરોડ સાત લાખ વીસ હજારની સહાય ૧૩૧૪ લાભાર્થીને ચુકવી આપવામાં આવી છે : કૃષિમંત્રી**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ટ્રેકટર ખરીદી સહાય માટે ૨૮૪૩ અરજીઓ તંત્રને મળી હતી. તેમ રાજયના કૃષિમંત્રી આર.સી. ફળદુએ આજે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે ૨૦૧૮-૧૯માં ૧૨૫૭ અરજીઓ મળી હતી. જેમાં કલોલમાંથી ૧૫૯, ગાંધીનગરમાંથી ૩૮૫, દહેગામમાંથી ૪૬૭ અને માણસામાંથી ૨૪૬ અરજીઓ મળી હતી. ૨૦૧૯-૨૦માં ૧૫૮૬ અરજીઓ મળી હતી જેમાં કલોલમાંથી ૨૮૭, ગાંધીનગરમાંથી ૪૭૮, દહેગામમાંથી ૫૮૩ અને માણસામાંથી ૨૩૮ અરજીઓનો સમાવેશ થાય છે.

મળેલ આ અરજીઓમાંથી બે વર્ષમાં ૧૩૧૪ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. જેમાં ૨૦૧૮માં ૫૫૧ અરજીઓ અને ૨૦૧૯-૨૦માં ૭૬૩ અરજીઓનો સમાવેશ થાય છે. આ અરજીઓ મંજૂર થતાં રૂ. ૬,૦૭,૨૦,૦૦૦ની સબસીડી સરકાર દ્વારા ચુકવી આપવામાં આવી છે.

૨૦૧૮માં કલોલ તાલુકાની ૭૦, ગાંધીનગરની ૧૭૦, દહેગામની ૧૯૯ અને માણસાની ૧૧૨ અરજીઓ મંજૂર થઈ હતી અને તે મંજૂર અરજીકર્તાઓને રૂ. બે કરોડ ૫૫ લાખની સહાય ચુકવવામાં આવી હતી. ૨૦૧૯માં કલોલમાં ૧૫૩, ગાંધીનગરમાં ૨૫૦, દહેગામ ૨૫૭, માણસામાં ૧૦૩ મળી કુલ ૭૬૩ અરજીઓ મંજૂર થતાં તે મંજૂર અરજીકર્તાઓને રૂ. ૩ કરોડ ૫૧ લાખ નેવુ હજારની સબસીડી ચુકવવામાં આવી હતી.

જિલ્લામાં ૧૪૭૫ અરજીઓ નામંજૂર કરવામાં આવી હતી. જેમાં ૨૦૧૮માં ૭૦૬ અને ૨૦૧૯માં ૭૬૯ અરજીઓનો સમાવેશ થાય છે.

જે અરજીઓ નામંજૂર થઈ છે તેના કારણો અંગેના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે નિયત મોડેલની ખરીદી કરેલ ન હોય, નિયત સમયમર્યાદામાં અરજી કરવામાં ન આવી હોય, અગાઉના વર્ષોમાં સહાય લેવામાં આવી હોય, અરજી પુરાવાઓ અરજી સાથે જોડ્યા ના હોય તેવા વિવિધ કારણોસર આ અરજીઓ રદ થઈ છે.

## શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગયારસો બ્રાહ્મણ મૃત્યુ નોંધ



**અ.સૌ. જયશ્રીબેન રાજેશભાઈ બધેકા,** નિવાસી ભાવનગર, હાલ ગાંધીનગર, ઉ.વ. ૫૯ તે રાજેશભાઈ જી. બધેકા (નિવૃત્ત એસબીઆઈ ચીફ મેનેજર)ના ધર્મપત્ની, અ.સૌ. અમૃતા વિકાસકુમાર મિશ્રાના માતુશ્રી અને વિકાસકુમાર કે મિશ્રાના સાસુ તથા સ્વ. ગુણવંતરાય કે. બધેકા, સ્વ. વિજયાબેન જી. બધેકાના પુત્રવધુ તથા સ્વ. પ્રતાપરાય બી. જોશી, સ્વ. પ્રફુલ્લાબેન પી. જોશીના નાના પુત્રી, ભાસ્કરભાઈ જી. બધેકાના નાનાભાઈના પત્ની તથા કિન્નરીબેન બી. બધેકાના દેરાણી, યશવંતીબેન પ્રદ્યુમનભાઈ ભટ્ટ, મિતાબેન દિલીપકુમાર જાની તથા પ્રજ્ઞાબેન પ્રફુલ્લકુમાર ભટ્ટ (યુએસએ)ના ભાભી, સ્વ. દિલીપભાઈ પી. જોશી, અ.સૌ. ઉષાબેન વિજયભાઈ બધેકાના નાના બેન તથા શ્રી કૃષ્ણકુમાર જે. મિશ્રા અને સુમનબેન કે. મિશ્રાના વેવાણ તે ગાંધીનગર મુકામે તા. ૧/૩/૨૦૨૦, રવિવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૫/૩/૨૦૨૦ના રોજ સાંજે ૪ થી ૬ પ્લોટ નં. ૨૯૮/૧, સેક્ટર-૧/સી, (ગાયત્રી મંદિર પાસે) અમારા નિવાસસ્થાને** રાખેલ છે.

**સદ્ગતની ઉત્તરક્રિયા તા. ૧૨/૩/૨૦૨૦ને ગુરૂવારના રોજ સવારે ૧૦ વાગે ઉપરોક્ત મુકામે રાખેલ છે.**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com